# વડોદરા મહાનગર સેવાસદનમાં કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશન માટેના નિયમો

વડોદરા મહાનગર સેવાસદન દ્વારા સામાન્ય સભા ઠરાવ અંક ૪૨૨/તા.૫-૧૧-૧૯૮૫, ૮૫૮/તા.૬-૩-૧૯૯૨, ૧૧૨/તા.30-૧૧-૧૯૯૫ તથા 33૮/તા.૧૦-૨-૧૯૯૮ થી મંજૂર થયેલ નિયમો પ્રમાણે ઇજારદારોની નોંધણીનું ફોર્મ તથા તે અનુસાર કાર્યવાહી થઇ રહેલ હતી, જે તત્કાલીન R & B વિભાગના નિયમોને આધિન હતી. જેમાં તાજેતરના વર્ષોમાં થયેલ સુધારા વધારાઓ અન્વયે વડોદરા મહાનગર સેવાસદન ના ઇજનેરી ખાતાઓ માટે પણ નવિન કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશન / અપગ્રેડેશન / રીન્યુઅલની પ્રક્રિયા સંદર્ભે જરૂરી દરખાસ્ત રજુ થયેલ હતી. જેમાં સોલવન્સીની રકમ, કામોની કાર્યમર્યાદા, ફી ના ધોરણો વિગેરે માટે તેમજ અન્ય વહીવટી મુદ્દા માટે જરૂરી ફેરફાર કરવા – જરૂરી નીતિ ઘડવા અંગેની તમામ સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવાની દરખાસ્તને, સ્થાયી સમિતિ ઠરાવ અંક ૪૨૯/તા.૧૮-૧૦-૨૦૧૩ થી, "કોર્પોરેશનના ઇજારદારોનું રજીસ્ટ્રેશનનું ધારાધોરણ ગુજરાત સરકારના R&B તથા GWSSB વિભાગના ધારાધોરણ મુજબ રાખવાના" ફેરફારથી મંજૂર કરી, સામાન્ય સભામાં મોકલી હતી. જે સામાન્ય સભા ઠરાવ અંક ૧૫૫/તા.૨૧-૧-૨૦૧૪ થી, "દર ચાર મહિને કોન્ટ્રીકટ રજીસ્ટ્રેશનની કાર્યવાહી કરવાની રહેશે" તે ફેરફારથી મંજૂર કરેલ છે.

અમદાવાદ તથા સુરત મહાનગર સેવાસદન દ્વારા, તાજેતરના વર્ષોમાં R& B વિભાગના મહત્તમ સુધારેલ નાણાંકીય ઇત્યાદી ધારાધોરણો અપનાવી, તેમાં જરૂરી સામાન્ય ફેરફારો કરીને, કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન શરૂ કરેલ છે. આથી, વડોદરા મહાનગર સેવાસદનના પણ અગાઉ મંજૂર થયેલ નીતિનિયમો અન્વયે, R & B વિભાગના સુધારેલ ધારાધોરણો તેમજ અમદાવાદ મહાનગર સેવાસદનની કાર્યપધ્ધતિ અનુસાર મહત્વના કેટલાક ફેરફારો કરી, નીચે દર્શાવ્યા મુજબ કોંટ્રાકટર રજીસ્ટ્રેશનના નિયમો રજૂ કરેલ છે. જે મુખ્યત્વે ગુજરાત સરકારશ્રીના R & B વિભાગ, અમદાવાદ મહાનગર સેવાસદન તથા વડોદરા મહાનગર સેવાસદનના મંજૂર થયેલ નીતિનિયમોને આધિન છે.

## પ્રકરણ – ૧: સામાન્ય નિયમો

### ૧. ટેન્ડર રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટરોને જ આપવામાં આવશે :-

સરકારી/અર્ધસરકારી વિભાગોમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરોને ટેન્ડર મંજુરી બાદ, વર્કઓર્ડર મળ્યે દિન-30માં રજીસ્ટ્રેશન કરાવી લેવુ જરૂરી છે. વ.મ.સે.સ.માં રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટરોને જ ટેન્ડરો આપવામાં આવશે. રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટર સિવાયના કોઇપણ વ્યક્તિઓ, સીન્ડીકેટ/પેઢી કે કંપની પાસેથી ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહીં કે તેમને કોઇ કોન્ટ્રાક્ટ આપવામાં આવશે નહીં, સીવાય કે અપવાદરુપે ખાસ કીસ્સા હેઠળ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની/જરૂરી મંજૂરી મેળવેલી હોય.

વ.મ.સે.સ.માં કોન્ટ્રાક્ટર તરીકે લાગુ પડતા વર્ગમાં રજીસ્ટ્રેશન / અપગ્રેડેશન કે રીન્યુઅલ કરાવવા માટે ફોર્મ નં.-૧ મુજબ રજીસ્ટ્રેશન ફોર્મ ભરી, જરૂરી દસ્તાવેજો સહિત ફોર્મ ફી તથા વહીવટી ખર્ચ પેટે ફી રૂ.૫૦૦/- ભરપાઇ કરવાના રહેશે.

### ૨) કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશનની મુદત:-

કોન્ટ્રાક્ટર તરીકેનુ નવિન રજીસ્ટ્રેશન વધુમાં વધુ ત્રણ વર્ષ માટે કરી શકાશે, જેની મુદત નાંણાકીય વર્ષ અનુસાર ૩૧મી માર્ચે સમાપ્ત થશે. અપગ્રેડેશન કરવા બાબતે પ્રકરણ-૩ હેઠળ કાર્યવાહી તથા રજીસ્ટ્રેશન રીન્યુ કરવા બાબતે પ્રકરણ-૪ હેઠળના નિયમો અનુસાર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

### 3) રજીસ્ટ્રેશનને મંજૂરી આપવા સક્ષમ સત્તાધિકારી તથા આર્થિક સધ્ધરતા અને રજીસ્ટ્રેશન ફીના ધોરણો:-

વ.મ.સે.સ.માં કોન્ટ્રાક્ટર તરીકે લાગુ પડતા વર્ગમાં રજીસ્ટ્રેશન કરવા/ અપગ્રેડેશન કરવા કે રીન્યુઅલ કરવા માટે મંજૂરી આપવાની સત્તા સીટી એન્જિનીયરશ્રીને હસ્તક રહેશે. કોન્ટ્રાક્ટરે જે તે વર્ગમાં રજીસ્ટ્રેશન મેળવવા નીચે

ટેબલ-૧માં દર્શાવ્યા મુજબ RBI માન્યતા પ્રાપ્ત બેન્કર્સ યાદી અનુસારની બેંક સોલવન્સી તથા બેંક સોલવન્સીના ૧૦% કિંમતની "મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા"ના નામે ફીક્સ ડીપોઝીટ રીસીપ્ટ રજુ કરવાની રહેશે.

**ટેબલ-૧:-**

| ક્રમાંક | નોંધણી નો વર્ગ | ન્યુનતમ સધ્ધરતા (સોલવન્સી) | ફીક્ષ્ડ ડીપોઝીટ રીસીપ્ટની રકમ (સોલવન્સી ના ૧૦%) | કામો માટે ટેન્ડર રજુ કરવા માટેની નાણાંકીય મર્યાદા | નોંધણી માટેની કે કક્ષા ઉંચી લાવવા માટેની ફી |
|---|---|---|---|---|---|
| ૧ | એએ | ` ૩૦૦ લાખ | ` ૩૦ લાખ | અમર્યાદિત | ` ૩૩,૦૦૦/- |
| ૨ | એ | ` ૭૫ લાખ | ` ૭.૫ લાખ | ` ૭૦૦ લાખ સુધી | ` ૧૮,૦૦૦/- |
| ૩ | બી | ` ૩૫ લાખ | ` ૩.૫ લાખ | ` ૩૦૦ લાખ સુધી | ` ૧૩,૦૦૦/- |
| ૪ | સી | ` ૨૫ લાખ | ` ૨.૫ લાખ | ` ૧૫૦ લાખ સુધી | ` ૭,૫૦૦/- |
| ૫ | ડી | ` ૧૨ લાખ | ` ૧.૨ લાખ | ` ૧૦૦ લાખ સુધી | ` ૭,૫૦૦/- |
| ૬ | ઇ ૧ | ` ૨ લાખ | ` ૨૦ હજાર | ` ૫૦ લાખ સુધી | ` ૪,૫૦૦/- |
| ૭ | ઇ ૨ | ` ૧ લાખ | ` ૧૦ હજાર | ` ૧૫ લાખ સુધી | ` ૪,૫૦૦/- |

આ ઉપરાંત રસ્તા, મકાનો અને પુલોની કામગીરી માટે, ગુજરાત સરકારશ્રીના R & B વિભાગના ધારાધોરણો મુજબના જરૂરી દસ્તાવેજો રજુ કરી, તે અનુસાર ફી ભરીને "સ્પેશીયલ કેટેગરી રજીસ્ટ્રેશન" પણ કરાવી શકાશે.

## ૪) ઇજારદારોને વર્ગીકૃત કરવા અંગેના ધોરણો:-

વ.મ.સે.સ.માં કોન્ટ્રાક્ટરોને બે ગૃપ હેઠળ વર્ગીકૃત કરી, રજીસ્ટ્રેશન કરવામાં આવશે. કોન્ટ્રાક્ટર ગમે તે એક અથવા બન્ને ગૃપમાં પણ રજીસ્ટ્રેશન કરાવી શકશે. ગૃપ અ: રોડ, પુલ તથા મકાનો અને બ: પાણી, ડ્રેનેજ તથા ઇલે-મીકે. કોન્ટ્રાક્ટરોની ઉપરોક્ત ટેબલ-૧ મુજબની આર્થિક સધ્ધરતાના દસ્તાવેજો રજુ થયે તેમજ નીચે દર્શાવેલ ટેબલ-૨ અનુસાર ટેક્નીકલ ક્ષમતા આધારીત કામગીરીના અનુભવોના પ્રમાણપત્રોના આધારે વર્ગીકૃત કરવામાં આવશે. કોન્ટ્રાક્ટરે બન્ને ગૃપમાં રજીસ્ટ્રેશન કરવા, જે-તે વર્ગ અનુસાર અલાયદા ફીક્ષ્ડ ડીપોઝીટ રીસીપ્ટ રજુ કરવી પડશે.

### ૪.૧) પુરા કરેલ કામોનુ વાર્ષિક ટર્નઓવર અને હાથ પરના કામોની જરૂરીયાતના ધોરણો:-

કોન્ટ્રાક્ટરોએ જે-તે ગૃપ મુજબની, છેલ્લા ત્રણ નાંણાકીય વર્ષ દરમિયાન સરકારી / અર્ધસરકારી ક્ષેત્રે પુરી કરેલ કામગીરીઓ તથા હાથ પરના કામોની કિંમત તેમજ ત્રિવાર્ષીક સરેરાશ ટર્નઓવરની, નીચે ટેબલ-૨ મુજબની નાણાંકીય મર્યાદા લક્ષમાં લઇને, તે અનુસાર લાગુ પડતા વર્ગમાં રજીસ્ટ્રેશન કરવાનો નિર્ણય લેવામાં આવશે.

**ટેબલ-૨:-**

| ક્રમાંક | નોંધણીનો વર્ગ | પુરા કરેલ કામોનુ વાર્ષિક ટર્નઓવર (છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ) | હાથ પરના કામોની કિંમત |
|---|---|---|---|
| ૧ | એએ | ` ૫૦૦ લાખ | ` ૧૦૦૦ લાખ |
| ૨ | એ | ` ૩૦૦ લાખ | ` ૬૦૦ લાખ |
| ૩ | બી | ` ૧૦૦ લાખ | ` ૨૦૦ લાખ |
| ૪ | સી | ` ૩૦ લાખ | ` ૬૦ લાખ |
| ૫ | ડી | ` ૧૫ લાખ | ` ૩૦ લાખ |
| ૬ | ઇ ૧ | ` ૫ લાખ | ` ૧૦ લાખ |
| ૭ | ઇ ૨ | - | - |

### ૪.૨) સરકારી/ અર્ધસરકારી અને ખાનગી કામોનું મૂલ્યાંકન:-

કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશન / અપગ્રેડેશન કે રીન્યુઅલ કરવા માટે સરકારી / અર્ધસરકારી ક્ષેત્રો જેવા કે, મ્યુનિસિપલ

કોર્પોરેશનો, કેન્દ્ર કે રાજ્ય સરકાર હસ્તકની સંસ્થાઓ, કંપનીઓ, નિગમો કે બોર્ડના મુખ્ય કોન્ટ્રાકટર તરીકે પુરા કરેલ કે હાથ ઉપરના કામોનો અનુભવ ધ્યાને લેવામાં આવશે. જે અંગે ફોર્મ-૩એ મુજબની પ્રમાણિત નકલો રજુ કરવાની રહેશે. ખાનગી ક્ષેત્રની કંપનીઓ કે ખાનગી કામોના અનુભવની કિંમતના ૫૦ ટકા કિંમત ધ્યાને લેવામાં આવશે, તેવી વિગતોના સમર્થનમાં ચાર્ટડ એકાઉન્ટન્ટનું કામની કિંમત અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે, પરંતુ આવા ખાનગી કામો સ્વીકારવાની કુલ નાંણાકીય મર્યાદા, જે-તે વર્ગની જરુરીયાતના ૫૦% સુધી મર્યાદીત રહેશે.

**૪.૩) પેટા કોન્ટ્રાકટર તરીકે કરેલ કામોનું મુલ્યાંકન:-**

પેટા કોન્ટ્રાકટથી કરેલ કામ, જો કોન્ટ્રાકટ આપનાર સક્ષમ અધિકારીની (વર્ગ-૧ અને તેથી ઉંચા પ્રભાગના અધિકારીની સહી સાથે રજુ કરેલ) મંજૂરી લઇને પેટા કોન્ટ્રાકટ અપાયો હોય તો, તેવા કિસ્સામાં પેટા કોન્ટ્રાકટરો માટે તેણે કરેલ કામની કિંમતના ૫૦ ટકા કિંમત ધ્યાને લેવામાં આવશે. જેના સમર્થનમાં ચાર્ટડ એકાઉન્ટન્ટનું કામની કિંમત અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. પરંતુ આવા કામો સ્વીકારવાની કુલ નાંણાકીય મર્યાદા, જે-તે વર્ગની જરુરીયાતના ૫૦% સુધી મર્યાદીત રહેશે.

**૪.૪) ડિફોલ્ટરોને રજીસ્ટ્રેશન / રીન્યુઅલ ન આપવા બાબત:-**

**કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશન ફોર્મ**માં જણાવેલ બધીજ બાબતોની માહિતી કોન્ટ્રાકટરે જણાવવાની રહેશે અને તે માહિતીના આધારે જ રજીસ્ટ્રેશન, અપગ્રેડેશન કે રીન્યુઅલ કરી આપવામાં આવશે. જે કિસ્સામાં કોન્ટ્રાકટરે મ્યુનિસિપલ કોર્પોરેશનો, કેન્દ્ર કે રાજ્ય સરકાર હસ્તકની સંસ્થાઓ, કંપનીઓ, નિગમો કે બોર્ડમાં કામ અધુરા મુકેલ હોય અથવા કાળી યાદીમાં મુકાયેલ હોય કે કોન્ટ્રાકટર પાસે મ્યુનિસિપલ કોર્પોરેશનનું લ્હેણું નીકળતું હોય તેવા કિસ્સામાં કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન, અપગ્રેડેશન કે રીન્યુઅલ કરી આપવામાં આવશે નહીં.

## ૫) કોન્ટ્રાક્ટરની ક્ષમતાના ધોરણો:-

**૫.૧) આર્થિક ક્ષમતા:- કોન્ટ્રાક્ટરે જે-તે વર્ગમાં** કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન, અપગ્રેડેશન કે રીન્યુઅલ મેળવવા અગાઉ દર્શાવેલ ટેબલ-૧ મુજબની આર્થિક ક્ષમતા પુરવાર કરાવાની રહેશે.

**૫.૧.૧) બેન્કરોનું સોલવન્સી સર્ટીફીકેટ /** ફીક્ષ્ડ ડીપોઝીટ રીસીપ્ટ **સ્વીકાર્ય:-**

વ.મ.સે.સ. દ્વારા RBI ધોરણો અનુસાર અનુસુચિત વાણિજ્ય બેંન્ક અથવા માન્ય સહકારી બેંન્કોની યાદી અનુસાર મેળવેલ સોલવન્સી પ્રમાણપત્ર તથા તેવી બેંન્કની “મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા”ના નામની ફીક્ષ્ડ ડીપોઝીટ રીસીપ્ટ રજુ કરવાની રહેશે.

**૫.૧.૨) સોલવન્સી સર્ટીફીકેટ તથા** ફીક્ષ્ડ ડીપોઝીટ રીસીપ્ટ **નો વેલીડીટી સમય:-**

બેંક સોલવન્સીની તારિખ અનુસાર, જે–તે નાંણાકીય વર્ષ બાદ રજુ થયેલ સોલવન્સી **સર્ટીફીકેટ** ગ્રાહ્ય રખાશે નહી. બેંક સોલવન્સીની વેલીડીટી સામાન્ય રીતે એક વર્ષની હોય છે, જેથી તે પુન: એપ્રિલ મહિનામાં તાજી કરાવી, જમા કરાવવી પડશે અન્યથા કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશન સ્થગીત કરવામાં આવશે. “મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા”ના નામે ઓછામાં ઓછા ત્રણ વર્ષ માટે મેળવેલ ફીક્ષ્ડ ડીપોઝીટની પણ ઓરીજીનલ રીસીપ્ટ જમા કરાવવી જરુરી રહેશે.

**૫.૧.૩) ભાગીદારોના વ્યક્તિગત નામના સોલવન્સી સર્ટીફિકેટ:-**

એક, એક કે તેથી વધુ ભાગીદારોના નામે જરૂરી રકમનું સોલવન્સી પ્રમાણપત્ર સુલભ હોય અને ભાગીદારી ખતમાં એવું સ્પષ્ટ કરવામા આવ્યું હોય કે પેઢીના વેપાર ઉપરાંતની બધી જ જવાબદારીઓને પહોચી વળવા માટે બધાજ ભાગીદારો સંયુક્તપણે અને વ્યક્તિગત રીતે જવાબદાર છે, તો વ્યક્તિગત ભાગીદારોના નામના સોલવન્સી પ્રમાણપત્ર રજુ કર્યે, પેઢીના નામના સોલવન્સી પ્રમાણપત્રનો આગ્રહ રાખવામાં આવશે નહીં.

**૫.૧.૪) એક સોલવન્સી પ્રમાણપત્ર વિગેરેની બે જગ્યાએ ઉપયોગ અસ્વીકાર્ય:-**

**કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશન માટે એક વખત રજુ કરેલ** કોઇ પણ દસ્તાવેજ કે કામગીરી સંબધિત અનુભવોની વિગતો, પુન: બીજા કોઇ રજીસ્ટ્રેશન હેતુ માન્ય રાખવામાં આવશે નહી.

**૫.૨) વ્યવસાયિક ક્ષમતા અને વિશ્ર્વસનીયતા:-**

અરજદાર અને તેના કામ અંગે, અંગત જાણકારી ધરાવતા અધિકારીઓના અધિકૃત હોદ્દેદારોના પ્રમાણપત્રો અને

ભલામણો અને તેમાં કામનો પ્રકાર, કામગીરીનું વર્ષ તથા ખરેખર ખર્ચ દર્શાવ્યા હોય તેવી યાદી દ્વારા વ્યવસાયિક ક્ષમતા અને વિશ્વસનીયતા સમર્પિત થવા જોઇએ. પેઢીના તમામ ભાગીદારો અને અગ્રણી ટેકનિકલ કર્મચારીઓની તાંત્રિક લાયકાતો અને અનુભવની રેકર્ડ આધારીત વિગતો રજુ કરવી જોઇએ.

**૫.૨.૧) ફક્ત ભાગીદાર અને નહી કે કર્મચારી તરીકેનો અનુભવ ગણવાપાત્ર:-**

કોન્ટ્રાકટરની કક્ષા નક્કી કરતી વખતે સંબંધિત ભાગીદારે તેના નાણાંકીય હિસ્સા અને બીજા હિતસંબંધ રૂએ આવા કામો કર્યા હોય ત્યારે વ્યક્તિગત ભાગીદારોએ ભુતકાળમાં કરેલ કામોમાંથી મેળવેલ અનુભવ ધ્યાનમાં લેવો, કેવળ કર્મચારી તરીકે મેળવેલ અનુભવ, સમગ્ર પેઢીની ક્ષમતાના પુરાવા તરીકે ગણવા જોઇએ નહી.

**૫.૨.૨) સહયોગી પેઢીઓના ભાગીદારોના અલગ રજીસ્ટ્રેશન બાબત:-**

સહયોગી પેઢીઓ જેમાં અમુક ભાગીદારો સમાન(કોમન) હોય તેવી પેઢીઓની નોંધણી માટેની અરજીઓ અંગે નીચે મુજબ કાર્યવાહી અપનાવવામાં આવશે.

૫.૨.૨.૧ પ્રવર્તમાન અને નોંધાયેલ ભાગીદારી પેઢીના ભાગીદારો કે ભાગીદાર તે પેઢીના નોંધાયેલ સમક્ષમ વર્ગમાં અલગ નોંધણી કરાવવા ઇચ્છતા હોય તેમની વિધમાન ભાગીદારી પેઢી ત્રણ થી વધુ વર્ષ થયા અસ્તિત્વમાં હોવી જોઇએ અને તે પેઢીમાં અરજદાર ભાગીદર- ભાગીદારો ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી સંકળાયેલા હોવા જોઇએ.

૫.૨.૨.૨ નવી નોંધણી ઇચ્છતી પેઢી માંહેના ભાગીદરોનુ હયાત પેઢીમા ઓછું ૨૫ ટકા મુડી રોકાણ અને ભાગ હોવો જોઇએ.

૫.૨.૨.૩ નવી નોંધણી ઇચ્છતી પેઢીના ૨૫ ટકા ભાગવાળા ભાગીદારો હયાત પેઢીના સક્રીય ભાગીદારો હોવા જોઇએ.

૫.૨.૨.૪ જો નવી નોધણી ઇચ્છતી પેઢી ઉપર જણાવ્યા મુજબની સઘળી શરતો પરીપૂર્ણ કરતી ન હોય તો તેવા કિસ્સામાં હયાત નોંધાયેલ પેઢીના વર્ગ કરતા એક કક્ષા નીચેના વર્ગમાં નોંધણી માટે વિચારણામાં લેવામાં આવશે.

**૫.૨.૩) કામોના અનુભવોની માહિતી ફોર્મ-૩ અને ૩-એમાં રજુ કરવા બાબત:-**

કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન, અપગ્રેડેશન કે રીન્યુઅલ કરવા માટેની અરજીની વિચારણા કરતી વખતે કામ સંતોષકારક રીતે પુરા કર્યા હોવા અંગે તેમજ ચાલુ કામો કે કોન્ટ્રાકટર દ્વારા, જે કામો માટે ટેન્ડર ભરવામાં આવ્યા હોય કે વર્કઓર્ડર મેળવ્યા હોય, તેવા કામોની કોર્પોરેશન તપાસ કરી શકાશે. આવા કામોની માહિતી ફોર્મ-૩એ મુજબના પત્રકમાં આપવાની રહેશે. આ ઉપરાંત અરજી ફોર્મ અને અન્ય દસ્તાવેજો સાથે છેલ્લા ૩ વર્ષમાં કરેલ કે ચાલુ હોય તેવા એકે એક કામ અંગે માહીતી ફોર્મ-૩એ માં પુરી પાડવાની રહેશે. છેલ્લા ત્રણ વાર્ષિક નાંણાકીય ટર્નઓવરની ચકાસણી હેતુ, જરુર જણાયે ચાર્ટડ એકાઉન્ટન્ટના અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે.

**૫.૩) સારાપુર્વવૃતાંત (રેકર્ડ) અને અગાઉની કામગીરી:-**

માત્ર એવા જ કોન્ટ્રાક્ટરની નોંધણી માટેની વિનંતી ધ્યાનમાં લેવાશે કે જેમનું પુર્વવૃતાંત (રેકર્ડ) સારૂં હોય અને અગાઉની કામગીરી સંતોષકારક હોય. આ માટે નોંધણીની અરજી માટે નિયત કરેલ ફોર્મ-૧ કોલમ ૧૫ અને ૧૯માં આપેલ માહિતીની કાળજીપુર્વક ચકાસણી કરવાની રહેશે. જેથી એવુ સુનિશ્ચિત કરી શકાય કે અરજદારે અથવા તેના ભાગીદારોએ અથવા શેર હોલ્ડરોએ આસન ૮.૧ મુજબ સંતોષકારક રીતે કામ કર્યા છે. અથવા તો કોર્પોરેશન કે ગુજરાત કે અન્ય રાજ્યોના કોઇપણ સરકારી ખાતા કે અર્ધસરકારી બોર્ડ નિગમ દ્વારા કાળી યાદીમાં મુકાયા નથી કે કોઇ રીતે શિક્ષા પામ્યા નથી.

**૫.૪) ટેક્નીકલ લાયકાતો / મહેકમ :-**

૫.૪.૧ કઇ કક્ષાના કેટલા તાંત્રિક ઇજનેર અલગ અલગ નોંધણી વર્ગ માટે જોઇએ તેના ધોરણો:-

કોન્ટ્રાક્ટરે જે-તે વર્ગમાં રજીસ્ટ્રેશન, અપગ્રેડેશન કે રીન્યુઅલ કરવા, કોન્ટ્રાકટરો/ભાગીદારો તરીકે કે તેમના મહેકમ પર પુરા સમયના કર્મચારીઓ તરીકે, નીચે પ્રમાણે લાયકાત તથા સંખ્યા ધરાવતા સીવીલ ઇજનેરો હોવા જોઇએ, તેમજ R&B/GWSSB વિભાગના ધોરણો અનુસાર ઇલેક્ટ્રીકલ/મિકેનીકલ ઇજનેરો જોઇએ.

| નોંધણી વર્ગ (બાંધકામ કોન્ટ્રાકટ) | તાંત્રિક લાયકાત ધરાવતા ઇજનેરોના પ્રકાર અને સંખ્યા |
|---|---|
| એએ | ઓછામાં ઓછા ૩ ગ્રેજ્યુએટ સીવીલ એન્જીનિયર અને ૫ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર ઓછામા ઓછા ૩ ગ્રેજ્યુએટ સીવીલ એન્જીનિયર પૈકી ૧ ગ્રેજ્યુએટ સીવીલ એન્જીનિયર બાંધકામ ક્ષેત્રમાં સલામતી બાબતે ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ હોવો જરૂરી |
| એ | ઓછામાં ઓછા ૨ ગ્રેજ્યુએટ એન્જીનિયર સીવીલ અને ૫ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |
| બી | ઓછામાં ઓછા ૨ ગ્રેજ્યુએટ એન્જીનિયર સીવીલ અને ૩ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |
| સી | ઓછામાં ઓછા ૧ ગ્રેજ્યુએટ એન્જીનિયર સીવીલ અને ૩ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |
| ડી | ઓછામાં ઓછા ૨ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |
| ઇ-૧ | ઓછામાં ઓછા ૧ ગ્રેજ્યુએટ સીવીલ એન્જીનિયર અથવા ૧ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |
| ઇ૨ | ઓછામાં ઓછા ૧ ગ્રેજ્યુએટ સીવીલ એન્જીનિયર અથવા ૧ ડીપ્લોમા સીવીલ એન્જીનિયર |

૫.૪.૨ ભાગીદારો/તાંત્રીક ઈજનેરો સંબંધીત રજૂ કરવાની વિગતો:-

નોંધણી કરાવવા માંગતા પેઢીના ભાગીદાર/ ભાગીદારો જરૂરી તાંત્રિક લાયકાત ધરાવતા હોય તો તેઓની, ઉપર જણાવેલ ઈજનેર/ઈજનેરોની જરુરીયાત અનુસાર ગણત્રીમાં લઇ શકાશે .

**૫.૪.૩) તાંત્રિક ઈજનેરો સંબંધીત રજૂ કરવાની વિગતો:-**

ઉપર ૫.૪.૨માં જણાવેલી જરૂરીયાતો સંતોષાય ન હોય તો, નોંધણી કરવા/કક્ષા ઉંચી લાવવા માટેની અરજીની સાથે નીચે જણાવેલ દસ્તાવેજો જોડવા.

(૧) કોન્ટ્રાક્ટરે/કંપનીએ આપેલ નિમણુંક હુકમની નકલ.

(૨) નોકરીમાં જોડાયેલ હોવા અંગેનુ સોગંદનામુ તથા જન્મનુ પ્રમાણપત્ર.

(૩) ડીગ્રી/ડિપ્લોમા પ્રમાણપત્રની ખરી નકલ.

**૫.૫) ઈન્કમટેક્ષ ક્લીયરન્સ – રીટર્ન પ્રમાણપત્ર:-**

કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન, અપગ્રેડેશન કે રીન્યુઅલ કરવા માટેની અરજી સાથે જે વર્ષમાં અરજી મોકલી હોય તો તે વર્ષની અગાઉના વર્ષ માટેનું ઈન્કમટેક્ષ અધિકારીએ ઈસ્યુ કરેલ સ્ટાન્ડર્ડ ફોર્મમાં, આવકવેરા ચુકતે પ્રમાણપત્ર – ઇન્કમટેક્ષ રીટર્નની પ્રમાણિત નકલ જમા કરાવવાની રહેશે.

**૫.૬) રજીસ્ટ્રેશન માટેની જરૂરી લાગતો - સંપૂર્ણ ફી ભરવા બાબત:-**

કોન્ટ્રાક્ટર પોતે જે વર્ગમાં પોતાની નોંધણી કરાવવા ઈચ્છતા હોય તે વર્ગ માટેના તેના નમુના-૧ મુજબના અરજી ફોર્મ સાથે નોંધણી કરવા માટેના ફોર્મ તથા વહિવટી ખર્ચની ફી રૂ.૫૦૦/- ભરવાની રહેશે. જે અરજીની ફી તરીકે ગણાશે અને તે બિન રીફંડ પાત્ર ગણાશે. જો તેની અરજી ચકાસણી બાદ સ્વીકારવા યોગ્ય જણાશે તો, તેની અરજદારને જાણ થયે, દિન-૧૫માં સંપુર્ણ ફી ભરવાની રહેશે, જેમાં નિષ્ફળ ગયે અરજી દફતરે કરી શકાશે. સંપુર્ણ ફી ભરાયા બાદ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે.

**૫.૭) માંગણી કરતાં નીચેના વર્ગમાં માન્યતા આપવા વિચારી શકાશે:-**

જો કોઈ કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશન, અપગ્રેડેશન કે રીન્યુઅલ કરવા, જે વર્ગ માટે અરજી કરી હોય, પરંતુ તે વર્ગ માટે યોગ્ય લાયકાતો ન ધરાવતો જણાય, તો કોર્પોરેશન/અધિકારી તેની નીચલા વર્ગમાં નોંધણી કરવા વિચારણા કરી શકશે. આવા કેસમાં અલગ અરજી કરવાનું કે અરજી ફી ભરવાનું જરૂરી બનશે નહીં.

**૫.૮) ટેન્ડરો ભર્યાની વિગતો વર્ષાન્તે ફોર્મ-૩માં રજૂ કરવા બાબત:-**

કોન્ટ્રાક્ટરે છેલ્લા ત્રણ વર્ષની મુદત માટે કોઈ કામ અંગે ટેન્ડર ભર્યા છે કે કેમ, તેની ચકાસણી હેતુ, કોન્ટ્રાક્ટરે નિયત ફોર્મ ૩ માં દર વર્ષના માર્ચના અંતે વાર્ષિક નિયત પત્રકો કોર્પોરેશનને મોકલવાના રહેશે.

## ૬) કોન્ટ્રાકટરનો ખાનગી અહેવાલ:-

૬.૧) **કોન્ટ્રાકટરનો ખાનગી અહેવાલ,** કક્ષા બી સુધી જ જરૂરી રહેશે, જેની જરુરીયાત જણાયે રજુ કરવાનો રહેશે. કોર્પોરેશનમાં કામ કરતા કક્ષા બી સુધી નોંધાયેલ કોન્ટ્રાક્ટરોની કામગીરી ધોરણ બાબત વાર્ષિક ખાનગી અહેવાલો રાખવામાં આવશે.

**૬.૨) ખાનગી અહેવાલનું ફોર્મ-૫:-**

વ.મસે.સ.ના દરેક વિભાગીય અધિકારી / દરેક શાખાના કામની દેખરેખ રાખતા ઈજનેર, ફોર્મ-૫ ના નમુનામાં ખાનગી અહેવાલ લખી, સીટી ઈજનેરશ્રી મારફતે, મ્યુનિસિપલ કમિશનરશ્રીને રજુ કરશે.

**૬.૩) ખાનગી અહેવાલમાં ઉલ્લેખનીય બાબતો અંગે:-**

જો કોન્ટ્રાકટરોની કામગીરી હંમેશ માટે ખરાબ હોય અથવા અડચણરૂપ હોય તેમજ તેઓ કામની ગુણવત્તા તથા પ્રગતિ બાબત હવાલાના ઇજનેરની સુચનાની પરિપૂર્તિ કરતા ન હોય કે તેમ કરવામાં શિથિલતા દાખવતા હોય કે તેઓએ કામ અધુરા છોડયા હોય, તેવા કોન્ટ્રાકટરની કામગીરીમાં થયેલ ચૂંકનો, આવા ખાનગી અહેવાલમાં અવશ્ય ઉલ્લેખ કરવાનો રહેશે.

## ૭) માન્ય કોન્ટ્રાક્ટરોનું રજિસ્ટર ફોર્મ-૨માં રાખવા બાબત:-

વ.મ.સે.સ.માં માન્યતા પ્રાપ્ત રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટરનું રજિસ્ટર ફોર્મ-૨ મુજબ સીટી એન્જિનીયરશ્રીની કચેરીમાં રાખવામાં આવશે. જેમાં કોર્પોરેશન દ્વારા જુદા જુદા વર્ગમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરો નામ અને સરનામાની વિગત રેકર્ડ કરવામાં આવશે. નોંધણી અથવા તેમની રૂકસદ કે એમનો પાયરી ઉતાર વગેરેની નોંધ પણ રજિસ્ટર કરવામાં આવશે.

## ૮) અરજી ફોર્મ સાથેની ફાઇલ રજુ કરવા બાબત:-

વ.મ.સે.સ.માં રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટર તરીકેની માન્યતા મેળવવા અરજી ફોર્મ-૧ તથા રૂ.૫૦૦/- ભરીને તમામ સાધનિક દસ્તાવેજો સહિતની ફાઇલ સીટી એન્જિનીયરશ્રીની કચેરીમાં રજુ કરવાની રહેશે. આ અરજી જો માન્ય થશે તો નિયમ-૭ મુજબના રજીસ્ટરમાં તેની નોંધ કરી, ફોર્મ-૪ના નમૂનામાં "કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ" સીટી એન્જિનીયરશ્રીની કચેરી મારફતે આપવામાં આવશે.

## ૯) અરજીપત્રકની વિગતોમાં ફેરફારોની જાણ કરવા બાબત:-

કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશન, અપગ્રેડેશન કે રીન્યુઅલ કરવા રજુ કરેલ ફોર્મ-૧ની કોઇ પણ વિગતો કે રજુ કરેલ દસ્તાવેજોમાં જો કોઇ ફેરફારો થયેથી, કોન્ટ્રાક્ટર દ્વારા તેની વિગતો તુર્ત લખી જણાવવાની રહેશે. જો કોઇ રજુ કરેલ દસ્તાવેજની વિગતોમાં ફેરફાર થાય તો, બદલાયેલ દસ્તાવેજો પણ તુર્ત રજુ કરવાના રહેશે.

# પ્રકરણ-૨

## ૧૦) કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન મેળવવાની કાર્યપધ્ધતિ:-

કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન માટેની અરજીઓ વિચારણા કરવા માટે, નીચેની કાર્યપધ્ધતિ અનુસરવામાં આવશે.

**૧૦.૧) અરજી તથા નિકાલની મુદત :-**

કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન, અપગ્રેડેશન કે રીન્યુઅલ કરવાની અરજી વર્ષ દરમ્યાન ગમે ત્યારે દાખલ કરી શકાશે પણ તેનો નિકાલ એપ્રિલ, ઓગસ્ટ તથા ડિસેમ્બર મહિના દરમ્યાન થશે. કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશનની અરજીની ચકાસણી કરવા માટે તથા જરૂર પડ્યે વધારાની માહિતી મંગાવવાનો પુરતો સમય મળી રહે તે માટે, વર્ષ દરમ્યાન ગમે તે સમયે સ્વીકારવામાં આવશે અને તેના પર દર ચાર મહિને વિચારણા કરવામાં આવશે.

**૧૦.૨) શિક્ષાના સમય દરમ્યાન અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં:-**

કોન્ટ્રાક્ટરનુ કાળી યાદીમાં નામ મુકાયુ હોય કે અન્ય કોઇ શિક્ષાની મુદત ચાલુ હોય, તે દરમ્યાન કોઈ વર્ગમાં કોન્ટ્રાક્ટરની નોંધણી કરવામાં આવશે નહીં. આથી આ શિક્ષાના સમય દરમ્યાન કોન્ટ્રાક્ટરોએ અરજી કરવી નહીં.

## ૧૧) અન્યત્ર નોંધાયેલ કોન્ટ્રાક્ટરોની નોંધણી અંગે અરજીના સમય બાબત:-

**૧૧.૧) અરજી કરવા બાબત:-**

કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ, લશ્કરી ઈજનેરી સેવા (એમઈએસ), રેલવે અને ગુજરાત તથા અન્ય રાજ્ય જેવી સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓમાં રજિસ્ટર્ડ કોન્ટ્રાક્ટરોને તેમની નોંધણી થઈ હોવાની સાબિતી રજુ કર્યે, કોર્પોરેશન તત્સમાન વર્ગોમાં નોધણી માટે વિચારણામાં લેશે. આવા કોન્ટ્રાક્ટરોએ નિયમ-૫માં દર્શાવેલ જરૂરિયાતો સંતોષવાની રહેશે.

**૧૧.૨) અન્યત્ર નોંધાયેલ કોન્ટ્રાક્ટરોની અરજી અંગે ધ્યાનમાં લેવાની બાબતો:-**

કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ, લશ્કરી ઈજનેરી સેવા (એમઈએસ), રેલવે અને ગુજરાત તથા અન્ય રાજ્ય જેવી સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓમાં રજિસ્ટર્ડ કોન્ટ્રાક્ટરો બાબતમાં, નોંધણી અનુસાર તેમજ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન તેમણે પુરા કરેલ કે હાથ ધરેલ કામોની કિંમતની રકમ અનુસાર વિચારણા કરી, નોંધણી અંગે નિર્ણય લેવામાં આવશે.

## ૧૨) બેરોજગાર ઈજનેરોની નોંધણી વર્ષમાં ગમે ત્યારે કરવા બાબત:-

સ્નાતક અને ડિપ્લોમા ધરાવતા ઈજનેરોના અનુક્રમે “સી” અને “ડી” વર્ગમાં R & B ના ધોરણો અનુસાર નોંધણી કરી શકાશે પરંતુ તે માટે રોજગાર વિનિમય કચેરીનું નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. તેઓને પ્રત્યક્ષ અનુભવ તથા અગાઉ હાથ ધરેલ કામની યાદી અને યંત્ર સામગ્રીની યાદી રજુ કરવા જેવી જરૂરીયાતોમાં નિયમ મુજબ છુટછાટ આપી શકાશે.

## ૧૩) ઔદ્યોગિક તાલિમ સંસ્થા પ્રમાણિત કારીગરોની વર્ષમાં ગમે ત્યારે નોંધણી કરવા બાબત:-

સુથારીકામ, કડીયાકામ, પેઈન્ટીંગ અને મકાન બાંધકામની બીજી શાખાઓના વિદ્યાર્થીઓ તથા રાજ્યની વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ અથવા ગુજરાત સરકારે માન્ય કરેલી અન્ય સંસ્થાઓમાં જેમણે સફળતાપુર્વક તાલીમ અભ્યાસક્રમો પુરા કર્યા હોય તેવા કારીગરોને,

(૧) જરૂરી રકમનું નિયમ મુજબ સોલવન્સી પ્રમાણપત્ર

(૨) ગુજરાત સરકાર માન્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થા ના પ્રમાણપત્રની પ્રમાણિત ખરી નકલ રજૂ કર્યેથી,

(૩) નોંધણી ફીની ચુકવણી કર્યેથી, “ઈ-૧” કે “ઈ-૨” વર્ગમાં

વર્ષ દરમ્યાન કોઈ પણ સમયે નોંધવામાં આવશે. તેમની બાબતમાં અગાઉનો પ્રત્યક્ષ અનુભવ તથા અગાઉ કરેલ કામોની યાદી અને યંત્ર સામગ્રીની યાદી રજુ કરવા જેવી જરૂરીયાતોમાં નિયમ મુજબ છુટછાટો આપી શકાશે. પરંતુ રોજગાર વિનિમય કચેરીમાં નોંધણી તાજી હોવા અંગેનું પ્રમાણપત્ર અવશ્ય રજૂ કરવાનું રહેશે.

# પ્રકરણ-૩

## ૧૪) કક્ષા ઉંચી લાવવા માટેની કાર્યવાહીના નિયમો:-

કક્ષા ઉંચી લાવવા માટેની અરજીઓની વિચારણા કરવા માટે નીચેની કાર્યપધ્ધતિ અનુસરવામાં આવશે.

**૧૪.૧) અપગ્રેડેશન માટેની અરજી:-**

આ નિયમો હેઠળ માન્ય કોન્ટ્રાક્ટર તરીકે નોંધાયેલ કોન્ટ્રાક્ટરની કક્ષા ઉંચી લાવીને તેને ઉચ્ચ વર્ગમાં મુકવા સંબંધી બાબત નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. યથા પ્રસંગ તેની પ્રારંભિક નોંધણીની અથવા કક્ષા ઉંચી લાવ્યાની

તારીખથી, નિયમ-૧૬ હેઠળ નિયત કરેલ મુદત પુરી થયા પછી જ વિચારણામાં લેવાશે. અરજીની સાથે નિયમ-૫માં જણાવેલ તમામ દસ્તાવેજો તેમજ આ નિયમો હેઠળ માન્ય કોન્ટ્રાક્ટર તરીકેની તો પ્રારંભિક નોંધણી પછી આ અંગે કોન્ટ્રાક્ટરે મેળવેલ સિધ્ધિઓ અંગેના તમામ દસ્તાવેજો જોડવાના રહેશે. અરજીમાં આપેલ જુદી જુદી વિગતો ચકાસી અરજદારની અગાઉની કામગીરીની ખરાઈ કરી, આવી અરજીઓ અંગે નિર્ણય લેવામાં આવશે.

**૧૪.૨) અપગ્રેડેશન વર્ગ અનુરૂપ તાંત્રિક લાયકાત ધરાવતા ઈજનેરો જરૂરી:-**

કક્ષા ઉંચી લાવવા ઈચ્છતા કોન્ટ્રાક્ટર પાસે જેમાં કક્ષા ઉંચી લઈ જવાની માંગણી કરી હોય તે વર્ગને અનુરૂપ હોય તેવા નિયમ-૫.૪.૧માં નિયત કર્યા મુજબની તાંત્રિક લાયકાત ધરાવતા ઈજનેરો હોવા જોઈએ.

**૧૪.3) ઈન્કમટેક્ષ ક્લીયરન્સ પ્રમાણપત્ર રજુ કરવા બાબત:-**

કક્ષા ઉંચી લાવવાની અરજી સાથે અરજી જે વર્ષે મોકલી હોય તે વર્ષના પહેલાંના વર્ષ માટેનું ઈન્કમટેક્ષ અધિકારી પાસેથી મેળવેલ આવકવેરા ચુકતે પ્રમાણપત્ર – ઇન્કમ્ટેક્ષ રીટર્નની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

**૧૪.૫) અપગ્રેડેશનની અરજીઓનો નિકાલ:-**

એક વર્ગમાંથી બીજા વર્ગમાં કક્ષા ઉંચી લઈ જવા માટેની અરજીઓ પર નિયમ-૧૬ મુજબ વિચારણા કરવામાં આવશે. એટલે કે મે ના અંત સુધીમાં મળેલી અરજીઓ જુલાઈ અંત સુધીમાં અને નવેમ્બરના અંત સુધીમાં મળેલી અરજીઓ જાન્યુઆરીમાં વિચારણામાં લેવામાં આવશે.

## ૧૫) અપગ્રેડેશન માન્ય કરવાના ધોરણો અને સત્તાધિકારીઓ:-

નીચલા વર્ગમાંથી ઉપલા વર્ગમાં મુકવાની બાબતે, સીટી એન્જીનીયરશ્રી નીચેની બાબતો લક્ષમાં રાખી નિર્ણય લેશે.

(૧) હાથ પરના કામોની કિંમત

(૨) નવેસરથી નોંધણી મેળવવા માટે ટેબલ-૨ માં નિયત કર્યા પ્રમાણે વાર્ષિક સરેરાશ ટર્ન ઓવર તેમજ

(3) નાણાકીય મર્યાદાઓ જે નીચે મુજબ છે.

**ટેબલ – ૪**

| ક્રમાંક | કક્ષા ઉંચી લાવવા માટેની વિગતો | અરજી કરતી વખતે હાથ ધરેલ કામોની ઓછામાં ઓછી કિંમત | ન્યુનતમ વાર્ષિક સરેરાશ ટર્ન ઓવર |
|---|---|---|---|
| ૧ | વર્ગ “ઈ-૨”માંથી ”ઈ-૧” માં કક્ષા ઉંચી લાવવી. | ` ૧0 લાખ | ` ૫ લાખ |
| ૨ | વર્ગ “ઈ-૧”માંથી ”ડી” માં કક્ષા ઉંચી લાવવી. | ` 30 લાખ | ` ૧૫ લાખ |
| 3 | વર્ગ “ડી”માંથી ”સી” માં કક્ષા ઉંચી લાવવી. | ` ૬0 લાખ | ` 30 લાખ |
| ૪ | વર્ગ “સી”માંથી ”બી” માં કક્ષા ઉંચી લાવવી. | ` ૨00 લાખ | ` ૧00 લાખ |
| ૫ | વર્ગ “બી”માંથી ”એ” માં કક્ષા ઉંચી લાવવી. | ` ૬00 લાખ | ` 300 લાખ |
| ૬ | વર્ગ “એ”માંથી ” એ એ” માં કક્ષા ઉંચી લાવવી. | ` ૧000 લાખ | ` ૫00 લાખ |

નોંધ: કક્ષા ઉંચી લાવીને ઉપલા વર્ગની કરવા માટેની મંજૂરી આપવામાં આવે ત્યારે કોન્ટ્રાકટર તેની નોંધણીના સંબંધિત ચાલુ વર્ગની વધુમાં વધુ નાણાકીય મર્યાદામાં ૫0 ટકા જેટલા ઓછા માં ઓછા બે કામો કર્યા હોવા જોઈએ.

## ૧૬) મૂળ નોંધણી બાદ નિયત મુદત વિત્યા પછી જ અપગ્રેડેશન:-

કક્ષા ઉંચી લાવીને ઉપલા વર્ગની કરવા માટેની અરજી નિયમ-૧0.૧ અનુસાર, નીચે દર્શાવેલ મુદત (મુદતો) પુરી થયા પછી જ સ્વીકારવામાં આવશે.

| | |
|---|---|
| વર્ગ "બી"માંથી "એ" માં કક્ષા ઉંચી લાવવા, વર્ગ "એ"માંથી " એ એ" માં કક્ષા ઉંચી લાવવા, કે **સ્પેશીયલ કેટેગરી માં અપગ્રેડ થવા માટે.** | પ્રારંભિક નોંધણીની તારીખથી બે વર્ષની મુદત પુરી થયા પછી જ અરજી કરવાની રહેશે. |
| બાકીના વર્ગ(વર્ગો)માંથી ઉચ્ચ વર્ગ(વર્ગો)માં કક્ષા ઉંચી લાવવી. | પ્રારંભિક નોંધણીની તારીખથી એક વર્ષની મુદત પુરી થયા પછી જ અરજી કરવાની રહેશે. |

## પ્રકરણ-૪: નોંધણી તાજી કરવા

### ૧૭) ત્રણ વર્ષ માટે નોંધણી તાજી કરાવવા રજુ કરવાના દસ્તાવેજો અને વિગતો તથા ફીનું ધોરણ:

શરૂઆતમાં કાઢી આપેલ એવું પ્રમાણપત્ર ત્રણ વર્ષ માટે માન્ય ગણાશે અને નોંધણી તાજી કરાવવા અંગેનું પ્રમાણપત્ર પ્રારંભિક નોંધણી પછી ત્રણ વર્ષની મુદત માટે આપવામાં આવશે. જે પ્રમાણપત્ર નોંધણી તાજી કરાવવા અંગે નીચે પ્રમાણેની ફી જે બીન રીફંડ પાત્ર રહેશે. તે ભર્યેથી અને ત્રણ વર્ષ નીચેના દસ્તાવેજો રજુ કરવાની શરતને આધીન રહેશે.

| ક્રમાંક | વર્ગ | ત્રણ વર્ષ માટે નોંધણી તાજી કરવાની ફી |
|---|---|---|
| ૧ | "એએ" | ` ૮,000/- |
| ૨ | "એ" | ` ૭,૫00/ |
| ૩ | "બી" | ` ૭,૫00/ |
| ૪ | "સી" | ` ૫,000/ |
| ૫ | "ડી" | ` ૫,000/ |
| ૬ | "ઈ-૧" | ` ૨,૫00/ |
| ૭ | "ઈ-૨" | ` ૨,૫00/ |

૧૭.૧) અનુસુચિત બેંકનું સોલવન્સી સંબંધીત નવું પ્રમાણપત્ર નિયમ-૫ માં આપેલ સુચના મુજબનું રજુ કરવાનું રહેશે.

૧૭.૨) નોંધણી તાજી કરાવવા માટેની અરજીની તારીખથી તરત પહેલાની મુદત સાથે સુસંગત હોય તેટલી જરૂરી સંખ્યામાં તાંત્રિક લાયકાત ધરાવતી વ્યક્તિઓને નોકરીએ રાખવા કે એવા ભાગીદારો હોવા અંગે નિયમ-૫ માં જણાવેલ તાજી વિગતો રજુ કરવાની રહેશે.

**૧૭.3) ફોર્મ-૩ અને ૩ (એ) માંના નિયત પત્રકમાંની વિગતો:**

૧૭.૪) જે વર્ષમાં નોંધણી તાજી કરાવવા અંગેની અરજી મોકલી આપી હોય તે વર્ષની પહેલાની વર્ષ માટે ઈન્કમટેક્ષ અધિકારી પાસેથી મેળવેલ આવકવેરા ચુકતે પ્રમાણપત્ર

૧૭.૫) પોતાના કબજામાંના ઓજારો, સાધનો અને યંત્રસામગ્રીની વિગતો.

૧૭.૬) પેઢી કે કંપનીના ભાગીદારોના ફેરફાર કે તેના બંધારણમાં થયેલ ફેરફારોની વિગત

### ૧૮) નોંધણી તાજી કરાવવાની અરજી રજુ કરવાની સમય મર્યાદા:-

શરૂઆતમાં કરાવેલ નોંધણીની કે નોંધણી તાજી કરાવ્યાની મુદત પુરી થતાં પહેલા કોન્ટ્રાક્ટરે નોંધણી તાજી કરાવવા માટેની અરજી અને ઉપર નિયમમાં જણાવેલ સોલવન્સીનું નવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. કોન્ટ્રાક્ટર સોલવન્સીના નવા પ્રમાણપત્ર સાથે નોંધણી તાજી કરાવવા માટેની અરજી રજુ કરવામાં ત્રણ મહિનાથી વધુ ન હોય તેટલી મુદત સુધી મોડું કરે ત્યાં સુધી જે વર્ગ માટે નોંધણી તાજી કરાવવાની હોય તે વર્ગ માટે નિયત કરેલ પૂરી ફી ભર્યેથી તે નોંધણી તાજી કરાશે. સોલવન્સીના નવા પ્રમાણપત્ર સાથે નોંધણી તાજી કરાવવા માટેની અરજી કરવામાં

ત્રણ મહિના કરતાં વધુ પરંતુ એક વર્ષ સુધીના સમય જેટલો વિલંબ થયો હોય તો જે વર્ગમાં નોંધણી તાજી કરાવવાની હોય તે વર્ગ માટે નિયત કરેલી ફી કરતાં બમણી ફી વસુલ કર્યા પછી જ તે નોંધણી તાજી કરાશે. આમ છતાં સોલવન્સીના નવા પ્રમાણપત્ર સાથે નોંધણી તાજી કરાવવા માટેની અરજી કરવામાં એક વર્ષ કરતાં વધુ વિલંબ થાય તો શરૂઆતમાં કરાવેલી નોંધણી રદ થશે અને કોન્ટ્રાક્ટરે નોંધણી કરાવવા માટે નવેસરથી અરજી કરવી પડશે.

**૧૯) અપગ્રેડેશનની અરજી નામંજૂર થાય તો ત્યાર બાદ રીન્યુઅલ ગમે ત્યારે કરી આપવા અંગે :-**

નોંધણી તાજી કરાવવાની તારીખ પહેલા કોન્ટ્રાક્ટરે કક્ષા ઉંચી લાવીને ઉપલા વર્ગની કરવા માટે અરજી કરી હોય અને કક્ષા ઉંચી લાવવા માટેની તેમની અરજી વિચારણામાં લેવાઈ ન હોય અને તે કારણે તેઓ પોતાની નોંધણી સમયસર તાજી ન કરાવી શક્યા હોય તો નોંધણી તાજી કરાવવા માટેની કોન્ટ્રાક્ટરની અરજી નિયત તારીખ પછી મળી હોય તો પણ વિચારણામાં લેવામાં આવશે અને તેટલા પ્રમાણમાં નોંધણી તાજી કરવાની તેમની લંબાવીને જરૂરી દસ્તાવેજો રજુ કરવામાં આવતાં તેમની નોંધણી તાજી કરી શકાશે.

**૨૦) જરૂરી ઈજનેરી નોંધણી સમય દરમ્યાન રોક્યાની ખાતરી કરાવવા બાબત:-**

એએ,બી, સી, ડી, ઈ-૧, ઈ-૨ વર્ગમાં નોંધણી તાજી કરવાના સમયે ડીગ્રી અથવા ડીપ્લોમા ધરાવતા ઈજનેરોની નોકરી નોંધણી ચાલુ હોય તે મુદત દરમ્યાન સળંગ ચાલુ હોવા અંગે નોંધણી સત્તાધિકારીને કોન્ટ્રાક્ટર/પેઢીએ ખાતરી કરાવવાની રહેશે.

**૨૧) વર્ક ઓર્ડર વખતે તે કામની દેખરેખ રાખનાર ઈજનેર આઈડેન્ટીફાઈ કરવા અંગે:-**

જેમણે કામ/કામો પર દેખરેખ રાખવા માટે ડીગ્રી કે ડીપ્લોમા ધરાવતા કર્મચારી અથવા ડીગ્રી કે ડીપ્લોમા ધરાવતા ભાગીદાર તે સમય પુરતા રાખ્યા હોય તેવા કોન્ટ્રાક્ટરે સંબંધિત કામ (કામો) માટે ટેન્ડર(ટેન્ડરો) સ્વીકારવા માટે જામીનગીરી અનામતની રકમ ભરતી વખતે જરૂરી અનુભવ સહિત લાયકાત ધરાવતા ડીગ્રી કે ડિપ્લોમા ધરાવતા કર્મચારીઓ જે આ કામ સંભાળવાના હોય તેની વિગત આપવાની રહેશે.

**૨૨) કાળી યાદીની શિક્ષા પુરી થયે નોંધણી તાજી કરવાની અરજી અંગે:-**

જેમનું નામ કાળી યાદીમાં મુકાયું હોય તેવા કો ન્ટ્રાકટરોની નોંધણી તેમના નામ કાળી યાદીમાં મુકવા જેવી બાબતો માટેની મુદત ચાલુ હોય તે દરમ્યાન તાજી કરવામાં આવશે નહીં. પરંતુ જો આવા કોન્ટ્રાક્ટરનું નામ કાળી યાદીમાં મુકવાની મુદત પહેલા માન્ય યાદીમાં હોય તો વર્ષના કોઈ પણ સમયે નોંધણી તાજી કરી શકશે એટલે કે કાળી યાદીમાં મુકવાની શિક્ષાની મુદત પુરી થયા પછી નોંધણી તાજી કરવા માટેની અરજી વિચારણામાં લેવામાં આવશે.

**૨૩) નોંધણી તાજી ન કરવા અંગે ધ્યાન લેવા પાત્ર કારણો:-**

નોંધ્ણીની મુદત પુરી થયા પછી નિયમ ૧૭ થી ૨૨ તેમજ નિયમ ૨૬ને આધીન રહીને બીજી મુદત માટે ફોર્મ-૪માં નોંધણી પ્રમાણપત્ર કાઢી આપીને બધા વર્ગના માન્ય કોન્ટ્રાક્ટરોની નોંધણી તાજી કરવામાં આવશે. નીચેના સંજોગોમાં અને નીચેના કારણોસર નોંધણી તાજી કરવામાં આવશે નહીં.

૨૩.૧) અરજદાર પાસેથી કોર્પોરેશનના લેણાં વસુલ કરવા પાત્ર હોય.

૨૩.૨) કોન્ટ્રાક્ટરે હલકા પ્રકારનો માલ સામાન વાપર્યો હોય અથવા તો બાંધકામ ઉતરતા ધોરણનું કર્યું હોય અને તે માટે તેને જવાબદાર ગણવામાં આવ્યો હોય.

૨૩.3) ભુતકાળમાં કોન્ટ્રાક્ટરે કોર્પોરેશનનું સરકારી કે અર્ધ સરકારી બાંધકામ અધુરૂં છોડ્યું હોય.

**૨૪) વ.મ.સે.સ.ના અગાઉના ફોર્મમાં દર્શાવેલ લાગુ પડતા નિયમો યથાવત રહેશે.**

## પ્રકરણ – ૫

**૨૫) રજીસ્ટ્રેશન ,રીન્યુઅલ, અપગ્રેડેશન, ડાઉનગ્રેડેશન, ડીસક્વોલીફાઈડ અને બ્લેક લીસ્ટીંગ કરવા અંગેની સત્તા :-**

કોન્ટ્રાક્ટરની જે તે વર્ગમાં નોંધણી કરવાની અરજી કે નોંધણી તાજી કરવાની(રીન્યુઅલ) અરજી માન્ય રાખવા કે ઉપલા વર્ગમાં નોંધણી તાજી કરવા, માન્ય રાખવા કે ના મંજુર કરવાની સત્તા સીટી એન્જીનીયરશ્રી હસ્તક રહેશે. નોંધાયેલ કોન્ટ્રાકટરને ગેરલાયક (નોંધણી સસ્પેન્ડ) તેમજ કાળી યાદીમાં જાહેર કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી હસ્તક રહેશે. જે અંગે કોન્ટ્રાક્ટર મ્યુનિ.કમિશનરશ્રી સાહેબને અપીલ કરી શકશે.

## પ્રકરણ – ૬

**૨૬) એક પણ ટેન્ડર ન ભરનારને માન્ય યાદીમાંથી દૂર કરવાની જોગવાઈ:-**

જે કોન્ટ્રાક્ટરોએ કોર્પોરેશન રાજ્ય સરકારની વિવિધ વિભાગોની કોઈ ડીવીઝનલ કચેરીમાં/રાજ્ય અને કેન્દ્ર સરકાર હેઠળના ઉપક્રમો નિગમો બોર્ડો વગેરેમાં બે વર્ષની મુદત સુધી, કોઈપણ કામો માટે ટેન્ડરો ભર્યા હોય નહીં તેમના નામ માન્ય કોન્ટ્રાક્ટરોના રજીસ્ટરમાંથી કાઢી નાંખવામાં આવશે.

**૨૭) ટેન્ડર ભર્યાની વિગત વર્ષાન્તે ફોર્મ-૩માં રજુ કરવા બાબત:-**

આવી ચકાસણી સરળતાથી થઈ શકે તે માટે કોન્ટ્રાક્ટરોએ કોર્પોરેશનને નિયત ફોર્મ-નં.૩ માં, દરેક વર્ષના માર્ચ મહિનાના અંતે વાર્ષિક નિયત પત્રક મોકલવાના રહેશે.

**૨૮) માન્ય યાદીમાંથી નામ કાઢી નાંખવા કે નીચલા વર્ગમાં ઉતારવાની જોગવાઈ અને તે અંગે શોકોઝ નોટિસ આપવા બાબત.**

કોન્ટ્રાક્ટરની કોઈ ખાસ પ્રકારની ચૂક કે કસરના અહેવાલ મળતાં, જો કોર્પોરેશન સત્તાધિકારીને એમ જણાય કે કોન્ટ્રાક્ટરના નાણાકીય સંજોગો કે ટેકનિકલ ક્ષમતા એટલા કથળ્યા છે જેથી તેનું નામ રજીસ્ટરમાંથી કાઢી નાંખવા કે તેને નીચલા વર્ગમાં ઉતારી મુકવા વગેરે જેવી શીક્ષાઓ કરવી જ જોઈએ. તો તે કોન્ટ્રાક્ટરને તેની સામે વિચારવામાં આવેલ પગલા શા માટે ન લેવા, તે અંગે નિશ્ચિત સમયમાં કારણો દર્શાવવા માટે જણાવી તેમ કરી શકે છે. કોન્ટ્રાક્ટરનું નામ માન્ય યાદીમાંથી કાઢી નાંખવામાં આવે કે તેને નીચલા વર્ગમાં ઉતારી મુકવામાં આવે ત્યારે તે નોંધણી ફીનું કોઈ રીફંડ મેળવવા હક્કદાર રહેશે નહીં.

**૨૯) નોંધણી અમાન્ય કરાયા બાદ અમાન્યતાનું કારણ દૂર થયે નવેસરથી અરજી કરવા બાબત:-**

જે કોન્ટ્રાક્ટરનું નામ આ રીતે કાઢી નાંખવામાં આવ્યું હોય તે અમાન્યતાનું કારણ દૂર થાય ત્યાર પછીથી કોન્ટ્રાક્ટર નોંધણી લેવા ઈચ્છતા હોય તો તેમણે નિયત ફીની ચુકવણી કરીને ફરી નામ નોંધણી કરવા અરજી કરવી. આવી અરજીની તેની ગુણવત્તાના આધારે વિચારણા કરવામાં આવશે.

## પ્રકરણ-૭

**30) નોંધાયેલ કોન્ટ્રાક્ટરોને કાળી યાદીમાં મુકવાના સંજોગો:-**

જે કોન્ટ્રાક્ટરો અથવા નોકરો/પ્રતિનિધિઓ નીચે પ્રકારની ગેરરીરીમાં સંડોવાયા હોવાનો પ્રથમ દર્શનીય પુરાવો મળે તેઓને કોર્પોરેશન તાત્કાલીક કાળી યાદીમાં મુકશે. અને તેમ કરતાં પહેલા કોન્ટ્રાક્ટરને તેમ કરવાના કારણો

જણાવવામાં આવશે નહીં કે કારણદર્શક નોટિસ આપવાની રહેશે નહીં.

30.૧ કોર્પોરેશનના કોઈ પદાધિકારીને લાંચ રૂશ્વત આપવાનું કે આપવાના પ્રયાસનું કૃત્ય

30.૨ કોર્પોરેશનના કોઈ પદાધિકારીને તેની ફરજ બજાવતો અટકાવવા બળપુર્વક પ્રયાસ કે શારીરીક ઈજા પહોંચાડવાની ધમકી આપવાનું કૃત્ય.

30.3 કોર્પોરેશનને માંગેલ ટેન્ડરના ભાવો ઉંચા ભરવા રીંગ કરવી કે તેવું કૃત્ય.

30.૪ ટેન્ડર ભરવામાં ગોલમાલ છેકછાક કે સુધારા કરવા ટેન્ડર કે તે જોડેનું ભાવપત્રક બદલવુ કે તેમ કરવા પ્રયાસ કરવો.

30.૫ કોર્પોરેશનને ચોક્કસ કામમાં વાપરવા આપેલ માલસામાન/ સાધનો/ ઓજારોનો દૂર ઉપયોગ કરવો કે વેચી નાંખવા.

30.૬ જે માલસામાન પર કોર્પોરેશનને એડવાન્સ આપી હોય તેવો માલસામાન એડવાન્સની રકમ પરત કર્યા પહેલા કામની સાઈટ ઉપરથી ઉઠાવી જવો.

30.૭ વાજબી કારણ વગર કામ અધુરૂં છોડી દેવું.

30.૮ વાજબી કારણ વગર કોર્પોરેશનની લહેણી રકમ ત્રણ મહિનાથી વધુ સમય ન ચુકવવી.

30.૯ કોન્ટ્રાક્ટરને સોંપેલ કામમાં સલામતીની બાબતોના ભોગે/અનિયમિતા આચરી/જાનહાની થાય તેવા પ્રકારનું હલકું કામ કરવું.